# અગ્રતા-૮

## પ્રસ્તાવના:

**માન. અધ્યક્ષશ્રી,**

હાલ રાજ્યમાં લગભગ ૯૬ લાખ ગાય વર્ગના અને ૧૦૫ લાખ ભેંસ વર્ગના પશુઓ છે. તમામ વર્ગના પશુઓની વાત કરું તો દેશના કુલ પશુધન ૫૩.૬૮ કરોડમાં ગુજરાતનું પશુધન ૨.૬૯ કરોડ એટલે અંદાજે ૫ % જેટલું થાય છે.

રાજ્ય સરકાર દ્વારા પશુ સ્વાસ્થ્ય, પશુ સંવર્ધન, પશુ પોષણ, પશુ માવજત અને પશુપાલન વિષયક વિસ્તરણલક્ષી વિવિધ કાર્યક્રમો અને સહાયકારી યોજનાઓ અમલમાં મૂકી છે જેની ફલશ્રુતિ સ્વરૂપે રાજ્યના દૂધ ઉત્પાદનમાં છેલ્લા બે દાયકામાં ૧૮૩ ટકાનો વધારો નોંધાયો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૭૨.૮૦ લાખ મે.ટન દૂધ ઉત્પાદન સાથે દેશમાં દૂધ ઉત્પાદનની બાબતે ચોથા ક્રમે છે અને દેશના કૂલ દૂધ ઉત્પાદનમાં રાજ્ય ૭.૪૯% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન દેશમાં ઉત્પન્ન થયેલ દર ૧૩ લીટર દૂધમાં ગુજરાત રાજ્યનું ૧ લીટર દૂધનું યોગદાન રહેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

પ્રતિ પશુ ઉત્પાદનમાં ક્રમશ: વધારો થાય તે માટેના વિવિધ કાર્યક્રમો અમલમાં મૂકી વર્ષ ૨030 સુધીમાં રાજ્યનું વાર્ષિક દૂધ ઉત્પાદન ૨૦૦ લાખ મે. ટન લઇ જવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે અને તેના માટે વિવિધ કાર્યક્રમો માટે પશુપાલન પ્રભાગ હેઠળ બજેટમાં રાજ્ય સરકાર પુરતી જોગવાઈ કરે છે.

**અગ્રતા–૮**

**પ્રશ્ન–૧:** વર્ષ ૨૦૨૧-૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૨-૨૩નાં બજેટમાં પશુપાલન પ્રભાગ માટેની જોગવાઈમાં કેટલા ટકા વધારો થયો ? અને

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

આ વધારો મુખ્ય ક્યા કારણે થયેલ ?

જવાબ: **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પહેલા પ્રશ્ના જવાબમાં જણાવું તો...**

**પ્રસ્તાવના**

આ સભાગૃહનાં સન્માનીય સભ્યશ્રીનાં પ્રશ્નનાં ઉત્તર આપતા રાજ્ય સરકારનાં પશુપાલન મંત્રી તરીકે ગર્વ થાય છે કે છેલ્લા ૨૦૦૦-૦૧ થી ૨૦૨૦-૨૧ એમ બે દાયકાના સમયગાળામાં રાજ્યના બજેટમાં પશુપાલન અને ડેરી વિકાસનાં વિવિધ કાર્યક્રમો માટે થતી જોગવાઈમાં ઉતરોત્તર નોંધપાત્ર વધારો થયેલ છે અને **માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** સાહેબનાં નેતૃત્વમાં અમારા **નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ** સાહેબ દ્વારા પણ પશુપાલન પ્રભાગ માટે ઉદાર બનીને જોગવાઈ કરવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૧-૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૨-૨૩નાં બજેટમાં પશુપાલન પ્રભાગ જોગવાઈમાં **૮૩.૪૧ %** નો માતબર વધારો થયેલ છે એટલે કે **રૂ. ૬૫૪ કરોડ ૪૫ લાખ ૩૭ હજાર**ના વધારા સાથે વર્ષ ૨૦૨૨-૨૩ માં **રૂ. ૧૪૩૯ કરોડ ૦૬ લાખ ૩૨ હજાર**ની જોગવાઈ રાજ્યના અંદાજપત્ર પશુપાલન પ્રભાગ માટે કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં વધારો થવાના મુખ્ય કારણો અંગે જણાવુ તો....

- **"મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના"** માટે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઈ
- રાજ્યમાં **૪૦ નવા સ્થાયી પશુ દવાખાના** શરૂ કરવા માટે **રૂ. ૨ કરોડ ૪૦ લાખ**ની જોગવાઈ
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ **કચ્છ જીલ્લામાં** પશુચિકિત્સા અને **પશુપાલન મહાવિદ્યાલય**ની સ્થાપના માટે **રૂ. ૫ કરોડ**ની જોગવાઈ
- રાજ્યની જિલ્લા પંચાયત હસ્તકની પશુ સારવાર સંસ્થાઓના હયાત મકાનોના મરામત માટે **રૂ. ૫ કરોડ ૮૩ લાખ ૫૫ હજાર**ની જોગવાઈ
- પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ રાજ્યની સંસ્થાઓ દ્વારા સંચાલિત ગૌશાળા, પાંજરાપોળ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ખાતે **ગૌવંશનાં બિનવારસી પશુઓના નિભાવ** માટે સહાયની યોજના માટે **રૂ. ૫૦ કરોડ**ની જોગવાઈ સાથેની નવી યોજનાઓનો સમાવેશ થવાના કારણે અને અન્ય ચાલુ બાબતોની જોગવાઈમાં પણ વધારો થવાના કારણોસર વર્ષ ૨૦૨૧-૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૨-૨૩નાં પશુપાલન પ્રભાગની બજેટ જોગવાઈમાં **વધારો** થયેલ છે

.

**અગ્રતા –૮**

**પ્રશ્ન :૨** પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓમાં સહાયનાં ધોરણોમાં છેલ્લા ત્રણ વર્ષમાં બજેટમાં વધારો કરવામાં આવેલ છે ? અને

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

જો વધારો કરવામાં આવ્યો હોય તો યોજનાવાર વિગતો જણાવો ?

**જવાબ:**

**માન. સભ્યશ્રીના પહેલા પ્રશ્ના જવાબમાં જણાવું તો...**

**પ્રસ્તાવના**

પશુપાલન ખાતા હેઠળ અમલવારી થતી વિવિધ સહાયકારી યોજનાઓની અમલવારી દરમ્યાન પશુપાલકોનાં પ્રતિસાદ, પશુપાલકો અને પદાધિકારીશ્રીઓ તરફથી મળતા સુચનો, તેમજ સમયાંતરે થતા ભાવવધારા અને મોંઘવારી વગેરે પાસાઓને ચકાસી, યોજનાઓની અમલવારીમાં પડતી મુશ્કેલી નિવારવા માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓમાં સહાયનાં ધોરણોમાં અને લક્ષ્યાંકમાં સમયાંતરે વધારો કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો....

- અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે કેટલશેડ બાંધકામ સહાયની યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧ સુધી પ્રતિ કેટલશેડની એકમ કિંમત કુલ રૂ. ૪૦,૦૦૦/- પર ૫૦% સહાય અથવા મહત્તમ રૂ. ૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવતી હતી; તેને બદલે વર્ષ ૨૦૨૧-૨૨ થી સહાય વધારી, ૭૫% લેખે રૂ. ૩૦,૦૦૦/- સહાય નિયત કરવામાં આવી છે.
- પશુપાલકોને વિનામુલ્યે વિતરણ કરવામાં આવતા સુધારેલ જાતના ઘાસચારા બિયારણ કીટ માટે વર્ષ ૨૦૨૦-૨૧ સુધી પ્રતિ કીટ રૂ. ૫૦૦/-ના ખર્ચ સામે વર્ષ ૨૦૨૧-૨૨ થી પ્રતિ કીટ રૂ. ૧૦૦/-નો વધારો કરવામાં આવ્યો છે.

- ગાભણ પશુઓ માટે ખાણ-દાણ સહાય યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧ સુધી કિંમતના ૭૫ % સહાય અથવા મહતમ રૂ. 3000/- બે માંથી જે ઓછું હોય તે પ્રમાણે સહાય ચુકવાતી હતી અને વર્ષ ૨૦૨૦-૨૧નો વાર્ષિક લક્ષ્યાંક ૪૪,૦૭૯ નો લક્ષ્યાંક હતો. જેમાં વધારો કરી ૨૦૨૧-૨૨માં ૫૨,૦૫૧ કરવામાં આવેલ.
- વિયાણ થયેલ પશુ માટે ખાણ-દાણ સહાયની યોજનામાં વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૧૫૦ કિગ્રા દાણ માટે ૫૦% લેખે સહાય સાથે નવી યોજના અમલમાં મુકાયેલ; વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૫૦ કિગ્રા દાણ માટે ૧૦૦% લેખે સહાય નિયત કરવામાં આવી.

**અગ્રતા –૮**

**પ્રશ્ન:** ‘મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના’નો લાભ તમામ પાંજરાપોળ/ગૌ શાળાને ન મળવાના શા કારણો છે ?

**જવાબ :** **માન. અધ્યક્ષશ્રી,**

માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..,

- જે પાંજરાપોળ/ગૌશાળા પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ ન હોવાથી
- બિનવારસી પશુઓ ન સ્વીકારવાના કારણે
- નિયત નમૂનામાં અરજી કરેલ ન હોવાના કારણે
- જેતે સંસ્થાના નામે આ યોજના માટે અલાયદુ નવું બેંક એકાઉન્ટ ન હોવાના કારણે
- નિયત સમયમર્યાદામાં અરજી જીલ્લા પંચાયત ખાતે રજૂ ન કરે.